# <u>પ્રેસનોટ</u>

તા. ૨૯/૦૬/૨૦૨૪

## GCAS પોર્ટલ અંતર્ગત લેવામાં આવેલ અગત્યનાં નિર્ણયો

રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોની પ્રવેશ પ્રક્રિયામાં એકસૂત્રતા જળવાય અને નિયત સમયે કોલેજોમાં શૈક્ષણિક કાર્યનો આરંભ થઈ શકે તે માટે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ) પોર્ટલનો આરંભ કરવામાં આવેલ છે.

GCAS પોર્ટલ અંતર્ગતની વિદ્યાર્થીઓની રજૂઆતઓને ધ્યાને રાખતા ઉચ્ચ કક્ષાએ ગુજરાતની ૧૫ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની બેઠકમાં સર્વસંમતીથી નીચે મુજબનાં નિર્ણયો લેવામાં આવેલ છે જેનું અમલીકરણ તાત્કાલિક તમામ યુનિવર્સિટીઓ દ્વારા કરવામાં આવશે.

1) **<u>તા.૦૪/૦૭/૨૦૨૪ થી તા.૦૬/૦૭/૨૦૨૪</u>** સુધી **સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ** માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા GCAS પોર્ટલ ઓપન કરવામાં આવશે અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવાની રહેશે.

2) **<u>તા.૦૧/૦૭/૨૦૨૪ થી તા.૦૩/૦૭/૨૦૨૪</u>** સુધી **અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ** માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા માટે GCAS પોર્ટલ ઓપન કરવામાં આવશે અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવાની રહેશે.

3) GCAS પોર્ટલ મારફત **કોલેજ-યુનિવર્સિટીઓમાં વિવિધ પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની** <u>પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલ વિષય વગેરેમાં જરૂરી ફેરફાર</u> માટે

સંબંધિત યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજની કક્ષાએ જરૂરી ફેરફાર કરી શકશે.

4) GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થી દ્વારા **કોલેજ-યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં પ્રવેશ મેળવેલ હોય અને પોતાનો પ્રવેશ કોઈ કારણસર રદ કરાવવા ઈચ્છતા હોય તો તેઓ** સંબંધિત યુનિવર્સિટી/કોલેજમાં જઈ પોતાના પ્રવેશ રદ કરાવી શકશે. આ માટે યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને જે તે યુનિવર્સિટી/કોલેજ **કક્ષાએથી પ્રવેશ રદ્દ કરી શકશે.**

5) GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થીઓ દ્વારા **B.Ed. પ્રોગ્રામમાં પ્રવેશ મેળવેલ હોય પરંતુ વિદ્યાર્થી પોતાની પ્રવેશ મેળવેલ વિષય, શૈક્ષણિક વિગત વગેરેમાં જરૂરી ફેરફાર** કરવા ઈચ્છતા હોય તો, તે સંબંધિત યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજ કક્ષાએ ફેરફાર કરી શકશે.



પ્રો. એ. યુ. પટેલ
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી

| ક્રમ | પ્રોગ્રામ | બાબત | નિર્ણય |
|---|---|---|---|
| ૧. | સ્નાતક | GCAS પોર્ટલ પર સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા બાબત | તા.૦૪-૦૭-૨૦૨૪થી તા.૦૬-૦૭-૨૦૨૪ સુધી સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા GCAS પોર્ટલ ઓપન કરવાનું અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી GIPL સાથે સંકલન કરી પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું. |
| ૨. | અનુસ્નાતક | GCAS પોર્ટલ પર અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા બાબત. | તા.૦૧-૦૭-૨૦૨૪થી તા.૦૩-૦૭-૨૦૨૪ સુધી અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા માટે GCAS પોર્ટલ ઓપન કરવાનું અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી GIPL સાથે સંકલન કરી પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું. |
| ૩. | સ્નાતક અને અનુસ્નાતક | GCAS પોર્ટલ મારફત પ્રોગ્રામ-કોલેજ-યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલ વિષય, કોલેજ વગેરેમાં જરૂરી ફેરફાર કરવા બાબત. | સંબંધિત યુનિવર્સિટી GIPL સાથે સંકલન કરી તેમની કક્ષાએ ફેરફાર કરી શકશે તેમ નક્કી કરવામાં આવ્યું. |
| ૪. | સ્નાતક અને અનુસ્નાતક | વિદ્યાર્થીએ GCAS પોર્ટલ મારફત સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિવિધ પ્રોગ્રામ-કોલેજ-યુનિવર્સિટીમાં મેળવેલ રદ્દ કરવા બાબત. | સંબંધિત યુનિવર્સિટી GIPL સાથે સંકલન કરી તેમની કક્ષાએથી પ્રવેશ રદ્દ કરી શકશે તેમ નક્કી કરવામાં આવ્યું. |

| | | | |
|---|---|---|---|
| ૫. | B.Ed. | GCAS પોર્ટલ મારફત B.Ed. પ્રોગ્રામમાં પ્રવેશ માટે વિવિધ વિષય- કોલેજ- યુનિવર્સિટી પસંદ કરેલ વિદ્યાર્થીઓની પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલ વિષય,કોલેજ વગેરેમાં જરૂરી ફેરફાર કરવા બાબત. | સંબંધિત યુનિવર્સિટી GIPL સંકલન કરી તેમની કક્ષાએ ડેટામાં ફેરફાર કરી શકશે તેમ નક્કી કરવામાં આવ્યું. |